**૩ કરોડનો રોડ, પણ કામ હજુ અધૂરૂં ! રિફ્લેક્ટર, રોડ માર્કિંગ, સૂચન બોર્ડ અને RCC નાળાં સહિતના કામો બાકી**

## પઢિયાર-વેગનપુર માર્ગ પર કોન્ટ્રાક્ટરની લાલિયાવાડીથી વાહનચાલકો હેરાન

**ગોવિંદ ગુરુ યુનિવર્સિટીને જોડતા માર્ગ પર પ્રથમ વરસાદે જ ખોલી પોલ, સાઈડ શોલ્ડરની માટી ધોવાઈ ગઈ**



(પ્રતિનિધિ) ગોધરા, તા.1
ગોધરા તાલુકાના પઢિયારથી વેગનપુર માર્ગ પર અંદાજિત 3 કરોડના ખર્ચે હાથ ધરાયેલા ડામર રી-સર્ફેસિંગના કામમાં ગંભીર અનિયમિતતાઓ સામે આવી છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, કોન્ટ્રાક્ટર દ્વારા કામ અધૂરું છોડી દેવામાં આવતા માર્ગની સ્થિતિ ફરી એકવાર જોખમી બની ગઈ છે. એટલું જ નહીં, કરાયેલા ડામર કામની ગુણવત્તા પણ સવાલો ઉભા કરી રહી છે, કારણ કે વાહનોની અવરજવરથી અનેક સ્થળોએ ડામર ઉખડવા લાગ્યો હોવાનું જણાવાઈ રહ્યું છે. આ માર્ગ વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીને જોડતો મહત્વનો માર્ગ છે, જ્યાં દરરોજ હજારો વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને આગેવાનોની અવરજવર રહે છે. તેમ છતાં માર્ગના કામમાં બેદરકારી દાખવાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં ટેન્ડરની શરતો મુજબ રસ્તાની બંને બાજુના ઝાડી-ઝાંખરા દૂર કરવામાં આવ્યા નથી. પરિણામે અનેક સ્થળોએ ડાળી-ડાળખાં માર્ગ પર આવી જતા વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. સૌથી વધુ ચર્ચાસ્પદ મુદ્દો સાઈડ શોલ્ડરના કામમાં સામે આવ્યો છે. ટેન્ડર મુજબ રોડની બંને બાજુ ક્વોરી સ્પોલ (પથ્થર) નાખીને મજબૂત શોલ્ડર બનાવવાના હતા. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા પથ્થરના બદલે સામાન્ય માટી નાખવામાં આવી હોવાનું સ્થાનિકોનો આક્ષેપ છે. પ્રથમ વરસાદ પડતા જ આ માટી ધોવાઈ જતાં સમગ્ર કામની ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થયા છે. આ ઉપરાંત માર્ગ સુરક્ષા માટે જરૂરી રોડ ફર્નિચર અને અન્ય સુવિધાઓ પણ હજુ અધૂરી છે. રસ્તાની વચ્ચે તથા કિનારીએ સફેદ અને પીળા પટ્ટા મારવાના બાકી છે,

રાત્રિના સમયે માર્ગદર્શક રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા નથી અને દિશા સૂચક તેમજ ચેતવણી બોર્ડ પણ ગાયબ છે. સાથે જ વરસાદી પાણીના નિકાલ માટેના RCC નાળાં અને સુરક્ષા માટેના ક્રેશ બેરિયર જેવા મહત્વના કામો પણ પૂર્ણ થયા નથી. સ્થાનિકોનું કહેવું છે કે જો તંત્ર દ્વારા સમયસર ગુણવત્તાયુક્ત રીતે બાકી રહેલા તમામ કામો પૂર્ણ નહીં કરાવવામાં આવે તો ચોમાસા દરમિયાન અકસ્માતોની સંભાવના વધી શકે છે અને કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો માર્ગ ફરી બિસ્માર હાલતમાં પહોંચી શકે છે. હવે લોકોની નજર જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે લેવાતી કાર્યવાહી પર મંડાઈ છે.

---

**સંવેદનશીલ અભિગમ સાથે કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી**

## દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા દ્વારા ચાકલીયા પોલીસ મથકની મુલાકાત કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.1
મુલાકાત દરમિયાન પોલીસ મથકની વિવિધ શાખાઓની કામગીરી, ગુનાહિત પ્રવૃત્તિઓની સ્થિતિ, નોંધપોથી તેમજ કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી.



પોલીસ અધિક્ષકે પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ચર્ચા કરી જનતાલક્ષી અને અસરકારક પોલીસ કામગીરી માટે જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. તેમજ પોલીસ મથકમાં આવનાર અરજદારોને ઝડપી અને યોગ્ય ન્યાય મળે તે માટે સંવેદનશીલ અભિગમ સાથે કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી.આ ઉપરાંત પોલીસ સ્ટેશનની સ્વચ્છતા, રેકોર્ડ મેન્ટેનન્સ, સ્ટાફની કામગીરી અને સુરક્ષા વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. પોલીસ અધિક્ષકે કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બને તેમજ લોકોમાં સુરક્ષાની ભાવના વધે તે માટે જરૂરી સૂચનો કર્યો હતા. મુલાકાત દરમિયાન અધિકારીઓ તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

---

**સરપંચે મામલતદારને કરી લેખિત રજૂઆત**

## મેદાપુરમા ગૌચર જમીનમાં રાત્રે ગેરકાયદેસર ખોદકામનો આક્ષેપ

(પ્રતિનિધિ) કાલોલ, તા.1
કાલોલ તાલુકાના મેદાપુર ગ્રામ પંચાયતના નમ્રરા ફળિયામાં આવેલ સર્વે નં. 453ની ગૌચર જમીનમાં ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે માટી ખોદકામ કરવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આ અંગે મેદાપુર ગ્રામ પંચાયતના સરપંચ અતુલભાઈએ કાલોલ મામલતદારને લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ અને કાર્યવાહી કરવાની માંગ કરી છે.રજૂઆતમાં જણાવ્યા મુજબ ગૌચર જમીનમાં રોયલટીની આડમાં છેલ્લા એક મહિનાથી વધુ સમયથી સતત ખોદકામ ચાલી રહ્યું છે. ખાસ કરીને રાત્રી દરમિયાન



ભારે મશીનોની મદદથી આશરે 20 ફૂટ જેટલી ઊંડાઈ સુધી માટી ખોદી કાઢવામાં આવી હોવાનું જણાવાયું છે.સરપંચ અતુલભાઈએ રજૂઆતમાં જણાવ્યું છે કે ગૌચર જમીન પશુઓના ચરિયાણ માટે અનામત હોય છે, તેમ છતાં કેટલાક તત્વો દ્વારા નિયમોનો ભંગ કરી જમીનનું નુકસાન કરવામાં આવી રહ્યું છે. જેના કારણે સરકારી સંપત્તિને નુકસાન થવાની સાથે ગ્રામજનોમાં પણ રોષની લાગણી વ્યાપી છે.તેમણે સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરી ગેરકાયદેસર ખોદકામમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરવા, ખોદકામ તાત્કાલિક બંધ કરાવવા તેમજ ગૌચર જમીનને પૂર્વવત્ સ્થિતિમાં લાવવા જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે.

---

## માતા અહલ્યા બાઈની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી



(પ્રતિનિધિ) દાહોદ, તા.1
દાહોદ મા ૩૧ મે ના રાજ આપના દેશ ના વિરાગના માતા અહલ્યા બાઈ ના ૩૦૧ જન્મ જયાંત નિમિત માતા અહલ્યા બાઈ ની જનમ જયંતિ ની ઉજવણી સમગ્ર પાલ સમાજ દ્વારા છેલ્લે બહુ સમય થી કરવામા આવે છે આ ઉજાની માતા અહલ્યા બાઈ ના આદર્શ અને તેમના સિદ્ધાંતોને યાદ કરવાના ભાગરૂપે કરવા માં આવે છે જેમા દાહોદ ના ગોધરા રોડ થી એક શોભાયાત્રાનુ આયોજન કરવા માં આવ્યુ આ શોભાયાત્રા મા. સમાજના સૌ ભાઈ બહેનો જોડાયા અને આ શોભાયાત્રા માં બહેન આરતી બઘેલ એ દેવી અહલ્યા બાઈ ના સ્વરૂપ મા બગી મા બિરાજમાન થઈને સૌ ને અહલ્યા બાઈ ની યાદ અપાવી આ શોભાયાત્રા દાહોદ ના સિદ્ધરાજ જયસિંહ તલાવ ખાતે પહોચી હતી જ્યા માતા અહલ્યા બાઈ ની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરવા માં આવી અને આવેલા સૌ મહેમાનોનુ તેમજ સમાજના લોકોનુ સ્વાગત કરવા માં આવ્યુ જેમા દાહોદના લોક લાડીલા ધારા સભ્ય શ્રી કનૈયાલાલ કિશોરી, દાહોદ જીલ્લા ભારતીય જનતા પાર્ટી ના મહામંત્રી મુકેશ ભાઈ ખચ્ચર, પાલ સમાજ ના સિયારામજી, બહેન આરતી બઘેલ સૌ સમાજ ના ભાઈબહેનો હાજર રહ્યા હતા.

---

## ભીતોડી પ્રા.શાળા ખાતે ચાલતા સમર યોગ કેમ્પનું સમાપન, ૧૩૦ બાળકોએ લાભ લીધો

(પ્રતિનિધિ) સુખસર, તા.1
ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં ઉર્જાવાન ચેરમેન યોગ સેવક શિશપાલજીનાં સાનિધ્યમાં , ઝોન કો ઓર્ડીનેટર પિન્કીબેનનાં માર્ગદર્શન હેઠળ તથા જીલ્લા યોગ કો ઓર્ડીનેટર ધુળાભાઈ પારગીના સહયોગથી યોગ કોચ શંકરભાઈ કટારા દ્વારા દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના ભીતોડી પ્રાથમિક શાળામાં તારીખ 16/5/2026 થી 30/5/ 2026 સુધી સમર યોગ કેમ ચાલુ કરેલ હતો. જેમાં દરરોજ સવારે સાત થી નવ બે કલાક 130 જેટલા બાળકો સમર યોગ કેમ્પનો લાભ લેતા હતા. બાળકોને શિક્ષણ શાળાઓ માંથી મળે છે પરંતુ હાલના સમયમાં ખૂબ જ જરૂરી બાબત હોય તો એ સંસ્કાર છે.વ્યસન અને ફેશનથી દૂર રહીને શિક્ષણ અને સંસ્કાર



કેવી રીતે મેળવી શકાય એ બાબતો આ કેમ્પ માં બાળકોને શીખવવામાં આવે છે. 15 દિવસના શિડ્યુલમાં બાળકોને સૂક્ષ્મ ક્રિયાઓ,સૂર્ય નમસ્કાર,ઉંચાઈ વધારવાના આસનોમાં તાડાસન,પશ્ચિમો તાનાસન ચક્રાસન ,હલાસન, ભુજંગાસન ,પાચન શક્તિ માટેના આસનોમાં વજ્રાસન,મંડુકાસન, ઉત્તાનપાદર્શન,પવનમુક્તાસન ,બાલમુકુંદશન, યાદશક્તિ માટેના આશનોમાં ધ્રુવાસન, વૃક્ષાસન, ત્રિકોણાસન ગરુડાસન ,મત્સ્યાસન તથા વિવિધ મુદ્રાઓ પ્રાણાયામ ભસ્ત્રિકા કપાલભાતી , અનુલોમવિલો ભમરી પ્રાણાયામ ઉદ્ગીત પ્રાણાયામ ત્રાટક ધ્યાન આદર્શ બાળકનની દિનચર્યા આદર્શ બાળકનો આહાર ,આદર્શ બાળકોના સંસ્કાર જેમાં વહેલા ઉઠવું ,વડીલોને પગે લાગવું, દરરોજ શાળાએ જવું ,દરરોજ લેસન કરવું ,દરરોજ ભગવાનને યાદ કરવુ દરરોજ ઓછામાં ઓછો એક કલાક વાંચવુ,પોતાનું કામ જાતે કરવું ,બીજાને મદદરૂપ થવું, વ્યસનથી દૂર રહેવું ,સાથે મોબાઈલની આડ અસરો કેવી છે તેનો પણ ખૂબ સારી રીતે તમામ બાળકોને અનુભવી અને નિષ્ણાત યોગ કોચ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતુ.

---

**પોલીસ સાથે ઘર્ષણ બાદ ચારની અટકાયત**

## દારૂના નશામાં ધૂત વડોદરાના યુવાનોનો હાઈવે પર હંગામો

(પ્રતિનિધિ) દાહોદ, તા. 1
દાહોદ જિલ્લાના ખંગેલા ચેકપોસ્ટ પર દારૂ સાથે ઝડપાયેલા વડોદરાના ચાર યુવાનોએ પોલીસ કાર્યવાહીનો વિરોધ કરી હંગામો મચાવ્યાનો બનાવ સામે આવ્યો છે. પોલીસે ચારેયની અટકાયત કરી તેમની સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કતવારા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ ગઈકાલે વહેલી સવારે ખંગેલા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન મધ્યપ્રદેશ તરફથી આવી રહેલી કાળા કાચવાળી એક



ફોરવ્હીલ ગાડી શંકાસ્પદ લાગતા પોલીસે તેને રોકી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ગાડીમાં સવાર વડોદરાના ચાર યુવાનો દારૂના નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત વાહનમાંથી દારૂ પણ મળી આવ્યો હતો. પોલીસે દારૂ સંબંધિત કાર્યવાહી શરૂ કરતાં ચારેય યુવાનોએ પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને ફરજ પરના કર્મચારીઓ સાથે ઘર્ષણમાં ઉતર્યા હોવાનો આક્ષેપ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ ગાળાગાળી અને ધક્કામુક્કી કરી પોલીસની કાયદેસરની ફરજમાં અવરોધ ઊભો કર્યો હતો. એટલું જ નહીં, ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર વાહનો રોકી આશરે એક કલાક સુધી ટ્રાફિક જામ સર્જાતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

---

**આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી**

## કાલોલના ખંડોળી ગામે પાર્ટીના પૈસા ન આપતા યુવક પર હુમલો

(પ્રતિનિધિ) કાલોલ, તા.1
કાલોલ તાલુકાના ખંડોળી ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મંદિરે દર્શન કરીને પરત ફરી રહેલા એક મજૂર વર્ગના આધેડ પાસે ગામના જ એક યુવકે પાર્ટી કરવા માટે પૈસા માંગ્યા હતા. પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા યુવકે આધેડને ગાળો આપી, લાતો વડે ઢોર માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ કાલોલ પોલીસ સ્ટેશને નોંધાઈ છે.મળતી માહિતી મુજબ, કાલોલ તાલુકાના સમા ગામે બહાર ફળિયામાં રહેતા ૪૨ વર્ષીય અનિલભાઇ સાલમભાઇ સોલંકી (ધંધો-મજુરી) ગત તારીખ ૨૯/૦૫/૨૦૨૬ ના રોજ સવારે નવેક વાગ્યે રીક્ષામાં બેસીને ખંડોળી ગામે મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને સાડા દશેક વાગ્યાના અરસામાં તેઓ રીક્ષામાં પરત ઘરે આવી રહ્યા હતા.આ દરમિયાન ખંડોળી ગામે કેનાલથી થોડે આગળ ભારતમાલા રોડ પાસે આવેલ વળાંક નજીક તેમના જ ગામનો વિજયકુમાર જશવંતભાઇ સોલંકી નામનો યુવક મોટરસાયકલ લઈને આવ્યો હતો. તેણે અનિલભાઈને રીક્ષામાંથી ઉતારી પોતાની મોટરસાયકલ પર સાથે જવાનું કહી રીક્ષામાંથી નીચે ઉતાર્યા હતા. ત્યારબાદ વિજયકુમારે તેમની પાસે 'પાર્ટી કરવા માટે' પૈસાની માંગણી કરી હતી. વાત આટલેથી ન અટકતા આરોપી વિજયકુમારે અનિલભાઈને લાતો વડે માર મારી રોડ પર નીચે પાડી દીધા હતા, જેના કારણે તેમને ડાબા હાથે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

---

## ઝાલોદના નાનસલાઈમાં શ્રીમદ ભગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની ભવ્ય પૂર્ણાહુતિ: ધર્મમય માહોલમાં શ્રદ્ધાળુઓ ભાવવિભોર



**દાહોદ :** ઝાલોદ તાલુકાના નાનસલાઈ પાટીદાર સમાજ દ્વારા આયોજિત શ્રીમદ ભગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની ૩૧ મે ૨૦૨૫ના રોજ અત્યંત ભક્તિભાવપૂર્વક ભવ્ય પૂર્ણાહુતિ થઈ હતી. ગત ૨૫ મે થી શરૂ થયેલા આ ધાર્મિક મહોત્સવના અંતિમ દિવસે સવારમાં ગામના ૧૦ દંપતીઓ દ્વારા વિધિવત રીતે પોથી પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર ગામ પરિવારના સહયોગથી મહાપૂર્ણાહુતિ હવન અને મૂળપાઠના હવન અનુષ્ઠાનનું આયોજન કરાયું હતું, જેમાં ભક્તોએ આહુતિ આપી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. સમગ્ર ભાગવત કથા દરમિયાન વ્યાસપીઠ પરથી પરમ પૂજ્ય શ્રી શાસ્ત્રીજી સ્વામી અનંતરામજી મહારાજ દ્વારા ભગવાનના દશાવતાર વિશે શ્રદ્ધાળુઓને ખૂબ જ સરળ અને વિગતવાર સમજી આપવામાં આવી હતી. જેનો લાભ ઉપસ્થિત જનમેદની ભાવવિભોર બની હતી. આ ધાર્મિક મહોત્સવમાં માત્ર નાનસલાઈ જ નહીં પરંતુ સમગ્ર છ ગામ પાટીદાર સમાજ તેમજ ઝાલોદ, લીમડી અને આસપાસના પંથકના તમામ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને કથા શ્રવણનો લાભ લઈ પાવન થયા હતા.

---

**દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં દિલ્હી-મુંબઈ કોરિડોરનો મામલો**

## ૧૪ ગામોના અસરગ્રસ્તોનું તંત્રને અલ્ટીમેટમ, ૮ જૂનથી ઉગ્ર આંદોલન અને આમરણ ઉપવાસની ચીમકી

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.1
દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવેથી અસરગ્રસ્ત 14 ગામોના આદિવાસી ખેડૂત ખાતેદારોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. અસરગ્રસ્ત ગ્રામજનોએ ઝાલોદ પ્રાંત અધિકારીને બે અલગ-અલગ આવેદનપત્ર આપી વર્ષોથી લંબિત પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ હાઈવે માટે જમીન સંપાદન થયાને ચાર વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં અનેક મૂળભૂત સમસ્યાઓ યથાવત છે. ખેડૂતોનો



આક્ષેપ છે કે નેશનલ હાઈવે ઓથોરિટી અને સંબંધિત તંત્ર દ્વારા અગાઉ આપવામાં આવેલી લેખિત બાંહેધરીઓનો આજદિન સુધી અમલ કરવામાં આવ્યો નથી. જેના કારણે હવે તેઓ આંદોલનનો માર્ગ અપનાવવા મજબૂર બન્યા હોવાનું જણાવ્યું છે. આવેદનપત્રમાં ખેડૂતો દ્વારા તા. 3 જૂનના રોજ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં નેશનલ હાઈવે ઓથોરિટી સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજવાની માંગ કરવામાં આવી છે. બેઠક દરમિયાન તમામ માંગણીઓ અંગે અત્યાર સુધી થયેલી કામગીરીની સ્પષ્ટ માહિતી આપવામાં આવે તેમજ સ્થળ નિરીક્ષણ કરી પ્રશ્નોનો નિકાલ લાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. અસરગ્રસ્તોએ રજૂઆતમાં જણાવ્યું છે કે હાઈવેના કારણે તોડી પાડવામાં આવેલા મકાનોના સ્થાને બનાવાયેલા નવા મકાનોમાં છેલ્લા ચાર વર્ષથી વીજ કનેક્શન આપવામાં આવ્યા નથી. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ખેતરોમાં પાકને નુકસાન થઈ રહ્યું છે અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ રહી છે. હાઈવે બાંધકામ દરમિયાન તૂટી ગયેલા ગામડાના રસ્તાઓનું પણ હજુ સુધી પુનઃનિર્માણ કરવામાં આવ્યું નથી. ખેડૂતોના જણાવ્યા મુજબ કેટલાક ગામો હાઈવે વચ્ચે ઘેરાઈ જતા ચોમાસા દરમિયાન બેટ સમાન સ્થિતિ સર્જાય છે.

---

## ધારાસભ્યના જન્મદિવસ નિમિત્તે કાર્યકર્તાઓ દ્વારા આયોજિત તમામ કાર્યક્રમો રદ કરવા અપીલ

(પ્રતિનિધિ) કાલોલ, તા.1
કાલોલ વિધાનસભા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ એ પોતાના જન્મદિવસ નિમિત્તે કાર્યકર્તાઓ દ્વારા આયોજિત તમામ કાર્યક્મો રદ કરવા અપીલ કરી સુરેલી ગામના સરપંચ સ્વર્ગસ્થ ભારત સિંહ ચૌહાણના અકાળ અવસાનથી સમગ્ર વિસ્તાર શોકમગ્ન છે આવી દુઃખદ પરિસ્થિતિમાં તેઓના આવતી કાલના જન્મદિવસ નિમિત્તે કાર્યકર્તા ઓ દ્વારા આયોજિત તમામ કાર્યક્મો રદ કરવામાં આવયા છે.તેઓના જન્મદિવસના તમામ કાર્યક્મો મોકૂફ રાખી, સ્વર્ગસ્થ ભારત સિંહ ચૌહાણને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે તમામ કાર્યકર્તા ઓને પોતાના વિસ્તારમાં આવેલા મંદિરોમાં પૂજા-પ્રાર્થના કરી તેમના દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા વિનંતી કરી છે.

---

## દિવ્યાંગ- પ્રજ્ઞાચક્ષુ માટે રાજ્યકક્ષા ચેસ ટુર્નામેન્ટ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું

**અધ્યક્ષ અને અતિથિ વિશેષનો બુકે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું**

(પ્રતિનિધિ) દાહોદ, તા.1
નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ દાહોદ, બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ દાહોદ અને ગુજરાત ચેસ એસોસિએશન ફોર વિઝ્યુઅલી ચેલેન્જડ ના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે રાજ્યકક્ષા ચેસ ટુર્નામેન્ટ નું આયોજન લલિત પાઈપ એન્ડ પાઈપ પ્રાઈવેટ લિમિટેડ મુંબઈના સૌજન્યથી તારીખ 29 5 2026 થી 31 5 2026 સુધી કરવામાં આવ્યું જેનો ઉદ્ઘાટન સમારોહ કોન્ફરન્સ હોલ બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ દાહોદ ખાતે લલિત પાઈપ એન્ડ પાઈપ્ ના પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર જોહરભાઈ દિલેર ના અધ્યક્ષ સ્થાને અને અતિથિ વિશેષ તરીકે લાયન્સ ક્લબ દાહોદ સિટીના પ્રમુખ લા કમલેશ લીમ્બાચીયા ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો .સ્વાગત પ્રવચન નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ ના પ્રમુખ ડોક્ટર નગેન્દ્રનાથ નાગર દ્વારા કરવામાં આવ્યું. અધ્યક્ષ અને અતિથિ વિશેષનો



બુકે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

સંસ્થાનો પરિચય મંત્રી યુસુફી કાપડિયા દ્વારા આપવામાં આવ્યો. ગુજરાત ચેસ એસોસિએશનના મંત્રી વિરલભાઈ ત્રિવેદી દ્વારા ટુર્નામેન્ટ અંગેની રૂપરેખા આપવામાં આવી અતિથિ વિશેષ કમલેશ લીમ્બાચીયા અને અધ્યક્ષ જોહરભાઈ દલેર દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદબોદન કરવામાં આવ્યું. આભારવિધિ વી એમ પરમાર દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયેશભાઈ નાયક દ્વારા કરવામાં આવ્યું .